# જાહેરાત

સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઇ.સી.ડી.એસ શાખા,જિલ્લા પંચાયત, સાબરકાંઠા દ્વારા કાર્યરત સાબરકાંઠા જિલ્લાની આંગણવાડી કાર્યકર/તેડાગરની જગ્યાઓ અંગે ઓનલાઇન ભરતી માટેની જાહેરાત સને.૨૦૨૦/૨૧

---

આઇ.સી.ડી.એસ શાખા,જિલ્લા પંચાયત સાબરકાંઠા હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદવેતનથી નિમણુક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત.

**(અરજી માટે વેબસાઇટ https://e-hrms.gujarat.gov.in)**

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડી કાર્યકરની હાલની ખાલી જગ્યા/સંભવિત ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની હાલની ખાલી જગ્યા/સંભવિત ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૮ | ૧૬ | ૮૨ | ૧૬૩ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઇએ તથા તે અંગેની મામલતદારશ્રી દ્વારા ઇશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનુ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર, શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઇએ.
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઇએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદ સેવામાં પસંદગી માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ.
- અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સુચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઇન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન ૨૧ માં તા ૨૪/૦૮/૨૦૨૦ થી તા ૧૩/૦૯/૨૦૨૦ (રાત્રે ૧૨:૦૦ કલાક) સુધીમાં કરવાનો રહેશે.
- ઓનલાઇન અરજી ઉપરોક્ત દર્શાવેલ વેબસાઇટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે.આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત, ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકર કાર્યકર અને આંગણવાડી તેડાગરની શૈક્ષણિક લાયકાત અનુક્રમે ધોરણ ૧૨ પાસ અને ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતા ઉમેદવાર અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણના ભારાંક અન્વયે મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પદ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઇટ પર ઉપલબ્ધ છે.
- વધુ માહિતી માટે સાબરકાંઠા જિલ્લાનાં સંબધિત તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી(ICDS) તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો.

-સહી-

જિલ્લા વિકાસ અધિકારી

જિલ્લા પંચાયત સાબરકાંઠા

---

- ઓનલાઇન અરજી દરમ્યાન અરજદાર નું નામ માત્ર અગ્રેજી અને ગુજરાતી માં લખવાનું રહેશે.
- આ સિવાયની તમામ વિગત અંગેજી કેપીટલ માં ભરવાની રહેશે

**આઇડીએસ શાખા જીલ્લા પંચાયત સાબરકાઠાં**

POSHAN Abhiyaan
PM's Overarching Scheme for Holistic Nourishment
सही पोषण - देश रोशन

नए समाज की ओर
Towards a new dawn